હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગયા કીસ ડે એ...એ કીસ કરીને ગયા એ ગયા... પછી કદી જોયા નથી....!!

ચોરાસી જૂથ નાયી લિંબચમાતા મંદિર ટ્રસ્ટ દહેગામ આયોજિત ૨૭મો સમુહ લગ્નોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૧૨

દહેગામ નિલકંઠ મહાદેવ પાલૈયા ગામ, દહેગામ-રખિયાલ રોડ ખાતે ચોરાસી જૂથ નાયી લિંબચમાતા મંદિર ટ્રસ્ટ દહેગામ તથા વર-કન્યાના માતા-પિતા દ્વારા આયોજિત ૨૭મો સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લગ્નોત્સવમાં ૧૨ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા. આ પ્રસંગે સમાજના વિવિધ ગામોના આગેવાનો, જ્ઞાતિબંધુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ખૂબજ ધૂમધામથી ઉમંગભેર લગ્નોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે સમાજના દાતાઓનો સંપૂર્ણ સાથ સહકાર સાંપડ્યો હતો અને નવદંપતિઓને આર્શીવાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી.

મહાશિવરાત્રીના પાવન પર્વ પૂર્વે સેક્ટર -૨૭ બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા શિવ અવતરણથી સ્વર્ણિમ ભારત કાર્યક્રમ અંતર્ગત ભવ્ય શોભા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાનું ઉદ્ઘાટન ગાંધીનગરના એમ.એલ.એ બહેન રીટાબેન, કોર્પોરેટર સોનલબેન, હેમાબેન તથા અંકિતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાનું લક્ષ્ય સ્વયં પરમાત્મા શિવ ધરા પર અવતારિત થઈને કઈ રીતે ભારતને સ્વર્ણિમ ભારત બનાવી રહ્યા છે તેનાથી બધાને અવગત કરવાનુ છે. આ શોભાયાત્રામાં સમસ્ત સેક્ટર-૨૭ ના નગરજનોએ હર્ષભેર લાભ લીધો હતો. બીકે અંજનાબેન દ્વારા આમંત્રિત મહેમાનશ્રીઓને ઈશ્વરીય સોગાત આપવામાં આવી હતી.

રાંધેજા ઈન્ટરનેશનલ સ્કુલમાં ચડ્ડી બનીયનધારી ટોળકી ત્રાટકી : રૂ.૨.૬૭ લાખની ચોરી

ઓફિસમાંથી લોકર ઉઠાવી શાળાની પાછળ ખેતરમાં લઈ જઈ તોડી રૂપીયા લઈ પલાયન, તમામ ઓફિસની તિજોરી તોડી સામાન વેર વિખેર કર્યો, પાછળથી પતરાની દિવાલ તોડી ટોળકી અંદર પ્રવેશી, ચડ્ડી બનીયનધારી શખ્સો સીસીટીવી કેમેરામાં કેદ થયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની રાંધેજા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે ગઈરાત્રીએ ચડ્ડી બનીયનધારી ટોળકી ત્રાટકીને રૂ.૨.૬૭ લાખ રોકડની ચોરી કરી પલાયન થઈ ગયા છે. ચડ્ડી બનીયનધારી ટોળકી પતરાની દિવાલ પાછળના ભાગેથી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ સ્કુલમાં ચાર ઓફિસની તિજોરીના તાળા તોડી સામાન વેર-વિખેર કરી દીધો હતો. જયારે ઓફિસનું લોકર ઉઠાવી જઈ પાછળના ખુલ્લા ખેતરમાં જઈ તોડી તેમાંથી રૂ.૨.૬૭ લાખ રોકડા ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્યારે ચડ્ડી બનીયનધારી ટોળકી દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.જયારે શાળાના સીસીટીવી કેમેરામાં ચડ્ડી બનીયાનધારી ટોળકી કેદ થઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૪ પ્લોટ નં.૫૧-૧૨૫ ખાતે રહેતા કેતન મનસુખલાલ રાજકોટીયા પરિવાર સાથે રહે છે અને રાંધેજા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે છેલ્લા ૧૫ વર્ષથી વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવે છે. આજે સવારે કેતનભાઈ ઘરે હાજર હતા તે સમયે સ્કુલના સિક્યુરીટી જવાન બળદેવજી ગોસ્વામીનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે આપણી સ્કુલમાં તમારી ઓફિસના લોક તુટેલા છે. જેથી કેતનભાઈએ સ્કુલના સ્ટાફના અન્ય કર્મચારીઓને ફોનથી બનાવની જાણ કરી હતી. જેથી કેતનભાઈ તાત્કાલીક રાંધેજા સ્કુલ ખાતે પહોંચી ગયા હતા. તે સમયે શાળાના સિક્યુરીટીની સ્ટાફ તેમજ હોસ્ટેલ સ્ટાફ સહિત સફાઈ કામદારો હાજર હતા. કેતનભાઈએ અંદર જોઈ તપાસ કરતા ઓફિસનું મેઈન લોક તુટેલ હતું. જયારે ઓફિસના મેઈન ગેટથી અંદર આવેલી ચાર ઓફિસમાં મુકી રાખેલી તિજોરીના લોક પણ તુટ્યા હતા. તિજોરીમાં રહેલો સામાન વેર વિખેર કરી દીધો હતો.એડમીન ઓફિસમાં મુકી રાખેલુ લોકર કે જેમાં ફીના તેમજ સ્કુલના વહીવટી રૂપીયા મુકતા હતા તે લોકર જ દેખાયું ન હતું. આ લોકરમાં શાળાના પ્રવાસના તેમજ હોસ્ટેલ ફીના રૂ.૨.૬૭,૫૦૫ છેલ્લા બે દિવસથી મુક્યા હતા. જેથી લોકર અંગે સ્કુલના કંમ્પાઉન્ડ તપાસ કરતા પતરાની દિવાલ પાછળના ભાગેથી તુટી હતી. જેથી ચોર શખ્સોએ ત્યાંથી પ્રવેશ કરી ચોરી કરી હોવાનું જણાયું હતું. જેથી કંમ્પાઉન્ડવોલની પાછળના ભાગે ખુલ્લા ખેતરમાંથી ઓફિસનું તુટેલુ લોકર મળી આવ્યું હતું. જયારે લોકરમાંથી રોકડા રૂપીયા ગાયબ હતા. બનાવની જાણ થતા શાળાના ટ્રસ્ટી મીત ચૌધરી, હોસ્ટેલ સંચાલક કમલેશ ચૌધરી, સાવનભાઈ પંચાલ અને જગદીશભાઈ પટેલ આવી પહોંચ્યા હતા. તેઓએ શાળામાં તપાસ કરતા અન્ય કોઈ જગ્યા પરથી ચોરી થઈ ન હતી. જયારે શાળાના સીસીટીવી કેમેરા ચેક કરતા રાત્રીના પોણા બે વાગ્યાના અરસામાં ચાર થી પાંચ અજાણ્યા ચડ્ડીબનીયનધારી ટોળકી ત્રાટકી હતી અને લોકર ઉંચુ કરી બહારની બાજુ લઈ જતા સીસીટીવીમાં આબાદ કેદ થયા છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

તારાપુરથી ઉવારસદ જતા એકસયુવી-એકટીવા વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ, બે ને ઈજા

એકટીવા લઈ ત્રણ મિત્રો ઝુંડાલ ગરબા જોવા જતા હતા, ત્યારે માર્ગમાં અકસ્માત નડ્યો, એકટીવા એકસયુવી કાર સાથે ટકરાતા ખુડદો બોલાઈ ગયો

ગાંધીનગર, તા.૧૨

તારાપુર થી ઉવારસદ તરફ જતા રોયલ સ્ટે હોટલથી આગળ સર્વિસ રોડ ઉપર ગઈરાત્રીના સુમારે મહિન્દ્રા એકસયુવી કારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા પર સવાર ત્રણેય યુવકો રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં એકટીવાનો ખુડદો બોલાઈ ગયો હતો. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં એકટીવા ચાલક પ્રકાશને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યુ નિપજયું હતું. જયારે અન્ય બે યુવકો સારવાર હેઠળ છે. બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ટીંટોડા ગામ ખાતે રહેતા મિનેષ નટવરજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને ખેત મજુરી કરે છે. જયારે તેના પિતા સઈજ જીઆઈડીસી ખાતે નોકરી કરે છે. પરિવારમાં માતા ઘરકામ કરે છે અને બે બહેનના લગ્ન તારાપુર ખાતે થયા છે. જયારે સૌથી નાનો પ્રકાશ ઠાકોર છે. જયારે ગઈકાલે રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખ્સે ફોન કરી જણાવ્યું કે પ્રકાશજી નટવરજી ઠાકોર તમારે શુ થાય છે. જેથી મિનેશ ઠાકોરે નાના ભાઈ થાય છે તેમ જણાવતા સામેના વ્યકિતએ તમારા ભાઈ અને અન્ય બે યુવકોનું તારાપુર ગામ પાટીયાથી ઉવારસદ ચોકડી જતા સર્વિસ રોડ ઉપર અકસ્માત થયો છે. તેઓને ૧૦૮માં સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જઈએ છીએ. જેથી મિનેશ ઠાકોર અને તેના પિતા ગાંધીનગર સિવિલ આવી પહોંચ્યા હતા અને તાત્કાલીક વિભાગમાં જઈ તપાસ કરતા ટીંટોડા ગામના પ્રકાશ રમેશજી બુધાજી ઠાકોરન માથાના અને પગમાં ગંભીર ઈજા પહોંચતા તેનું મૃત્યું થયું છે. જયારે પ્રકાશ નટવરજી ઠાકોર ડાબા પગે ઢીંચણથી નીચે ફેકચર અને ડાબા હાથે ઈજા પહોંચી છે. જયારે તારાપુરના સુનિલ ઠાકોરને માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી અમદાવાદ વધુ સારવાર માટે લઈ ગયા હતા. જયારે અકસ્માત અંગે પ્રકાશ ઠાકોરને પુછતા તેણે જણાવ્યું કે ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે ગામના પ્રકાશ રમેશજી ઠાકોર ઘરે એકટીવા લઈને આવ્યા હતા. ત્યારબાદ બંને જણા શેરીસા લગ્નમાં ગયા હતા.

ત્યાંથી તારાપુર ગામના મિત્ર સુનિલ અમરતજી ઠાકોરને લઈને ઝુંડાલ ગરબા જોવા જવાનું નક્કી કર્યું હતું. જેથી બંન્ને મિત્રો સાડા બાર વાગ્યાના અરસામાં સુનિલ ને તારાપુરમાંથી બેસાડી ઝુંડાલ જઈ રહ્યા હતા. તે સમયે સર્વિસ રોડ પર હોટલ રોયલ સ્ટે પાસે એકસયુવી કાર નં. જી.જ ે.૧૮.બી. ઈ.-૫૯૭૩ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવા નં.જી.જે. ૧૮.ડી. એન.-૨૮૫૮ ને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણેય મિત્રો રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં પ્રકાશજી રમેશજી ઠાકોરનું માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ થયુ હતું.જયારે પ્રકાશ નટવરજી ઠાકોરને પગે ફેકચર અને શરીરે ઈજા પહોંચી છે. તો બીજીતરફ સુનિલ ઠાકોરને માથાના ભાગે ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ ખાતે સારવાર માટે લઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચ-૩ સર્કલ ઉપર લગાવેલુ મસમોટુ હોર્ડીંગ ભારે પવનના કારણે નમી ગયુ છે. આ હોર્ડીંગને તાત્કાલિક અહીંથી હટાવી લેવુ જોઈએ નહી તો તે અકસ્માત સર્જી શકે છે.

એલસીબી પોલીસે ચોરીના બાઈક સાથે યુવકને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૨

અડાલજ વિસ્તારમાંથી ઝુંડાલ બ્રિજના પાર્કિંગમાંથી ચોરી થયેલા બાઈક સાથે એક શખ્સને એલસીબી પોલીસે પકડી પાડી બાઈક ચોરીનો ભેદ ઉકેલી દીધો છે.એલસીબી પોલીસે રૂ.૩૦ હજારનું બાઈક કબ્જે કરી ચોરીનો મુદ્દામાલ રીકવર કરી આરોપી સામે કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પોલીસ મથકના જવાનો અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે પોલીસને બાતમી મળી હતી કે ગત તા.૯ ફેબ્રુઆરી ના ઝુંડાલ બ્રિજ નીચે પાર્કિંગમાંથી ચોરી થયેલા બાઈક નં. જી. જે. ૦૧. એસ. એલ. - ૨૯૧૦ ચોરી થયું છે. અડાલજ વિસ્તારના ખોરજ-ખોડીયાર બ્રીજના છેડે થી બાઈક સાથે આરોપી જીતેન્દ્રકુમાર જશુભાઈ પરમાર (રહે. મકાન નં.૫, ઓમ સોસાયટી લાયન્સનગરની બાજુમાં રેલ્વે પાસે કલોલ) ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી બાઈક રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે એલસીબી પોલીસે અડાલજની વાહનચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર-કોલવડા ગામ પર આજે ત્રણ નાના અકસ્માતો નોંધાયો હતા.
- રંગમંચના જાણીતા અભિનેતા પદ્મશ્રી મનોજ જોશી આજે ગાંધીનગરની મુલાકાતે હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં લગ્નસરાની મોસમને કારણે ટ્રાફિકનું ભારણ પણ વધારે જોવા મળતુ હતુ.
- ગાંધીનગર તાલુકાના ચિલોડાની ઓમલેન્ડ સ્કૂલ ખાતે ફનફેરનું આયોજન કરાયુ હતુ.
- દહેગામ પોલીસે વરલી મટકાનો જુગાર રમી રહેલા એક ઈસમને પકડી જેલ હવાલે કર્યો છે.
- શ્રી ચોરાસી જૂથ નાયી લીમ્બચમાતા મંદિર ટ્રસ્ટ દહેગામ દ્વારા ૨૭માં સમૂહલગ્નોનું આયોજન કરાયુ હતુ. જેં ૧૨ દંપત્તિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.
- કલોલમાં કોઈ અજાણ્યો શખ્સ પાર્કિંગમાંથી બાઈકચોરીને ફરાર થયાની ઘટના નોંધાઈ છે.
- એલ.સી.બી.ની ટીમે બાઈકચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો છે.
- ગાંધીનગર ખાતે યોજાયેલ નેશનલ લોક અદાલતમાં મોટર અકસ્માતના ૮૧ કેસોનું સમાધાન કરવામાં આવ્યુ હતું.
- તારાપુરથી ઝુંડાલ ગામ ખાતે ગરબા રમવા જતાં ત્રણ મિત્રોને નડ્યો અકસ્માત : એકનું મોત : બે ઈજાગ્રસ્ત થયા.
- દહેગામ પોલીસે બારિયા ગામના રહેણાંક મકાનમાંથી દેશી દારૂ બનાવવાનો આથો ઝડપી પાડ્યો છે.
- આજે ગાંધીનગર ડેપો ખાતે સ્લીપર તેમજ ૨x૨ લકઝરી નવીન ૧૫૧ બસોનું લોકાર્પણ મુખ્યમંત્રી કરશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મનપા વિસ્તારમાંથી આજે ૧૦ બસો ભરી માઈભક્તો ૫૧ શક્તિપીઠના કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા છે.
- ગાંધીનગર તાલુકાના ગામોમાંથી પણ ૧૦ બસો ભરી માઈભક્તો અંબાજી ૫૧ શક્તિપીઠના દર્શનાર્થે ગયા છે.
- ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે અને શહેરમાં માંદગીનું પ્રમાણ વધ્યુ છે.

ગુજરાત રાજ્ય વહીવટી સેવા એસોસીએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

તા. ૧૨-૨-૨૩ રવિવાર, સવારે ૧૦ કલાકે ગાંધીનગર ખાતે ગુજરાત વહીવટી સેવા એસોસિએશન (સરકાર માન્ય)ની બેઠક યોજાયેલ હતી. બેઠકમાં ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અધ્યક્ષ તરીકે રમેશભાઈ મેરજા, ડેપ્યુટી મ્યુનિસપલ કમિશનર અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. જીએએસમાંથી આઈએએસ તરીકે પ્રમોશન મેળવેલ અધિકારીઓનું આ બેઠકમાં પુસ્તક અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. જીએએસમાંથી આઈએએસ નોમીનેશન મેળવેલ અધિકારીઓએ નવનિયુક્ત અધિકારીઓને પ્રેરક ઉદ્બોધન પણ આપ્યુ હતુ. એસોસિ એશનના નવા હોદ્દેદારોની વરણી આ બેઠકમાં કરવામાં આવી હતી. પ્રમુખ પદે કચ્છ જિલ્લામાં અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવતા મિતેશ પંડ્યાની વરણી કરવામાં આવી છે. મહામંત્રી તરીકે જશવંત જેગોડાની વરણી કરવામાં આવી છે. બેઠકમાં અન્ય હોદ્દેદારોમાં ખજાનચી તરીકે શિવરાજ ગીલવા તથા ઉપપ્રમુખ તરીકે મીતાબેન જોશી, જીતેન્દ્ર વદર, સુભાષ સાવલિયા, દિપક સતાણી, પ્રશાંત માંગુડા, આસ્થા ડાંગર, પલક ત્રિવેદી, જોઈન્ટ સેક્રેટરી તરીકે પ્રિતેશ દવે, કુસુમબેન પ્રજાપતિ, કીર્તનબેન રાઠોડ, મહેન્દ્રભાઈ દેસાઈ, સુરજ બારોટ, રવિરાજસિંહ પરમારની નિમણુંક કરવામાં આવી છે. નવનિયુક્ત પ્રમુખે ગુજરાત વહીવટી સેવા એસોસિએશન વધુ કાર્યદક્ષ રીતે કામગીરી કરશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓની ક્રેડિટ સોસાયટી અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

ભારતમાતા મંદિરે રક્તદાન શિબિરમાં સેન્ચ્યુરિયન રક્તદાતાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ અને સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ હિન્દુ પરિષદના સહયોગથી રવિવારે સેક્ટર-૭માં ભારતમાતાના મંદિરે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં શહેરના ૧૫૧મી વાર રક્તદાન કરનાર સુકેતુ મહેતા ઉપરાંત સેન્ચુરિયન રક્તદાતાઓ અને ૨૫ કે તેથી વધુ વાર રક્તદાન કરનાર મહિલા રક્તદાતાઓ સહિત ૭૫થી વધુ વાર રક્તદાન કરનાર દિવ્યાંગ રક્તદાતા આર.જી.પટેલનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રીટાબેન પટેલ અને પૂર્વ ભાજપ શહેર પ્રમુખ કોર્પોરેટર મહેન્દ્રભાઇ પટેલ(દાસ) ઉપસ્થિત રહ્યાં હતાં. તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર સાથે શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

એકસયુવી કાર ૫ દિવસ ભાડે લઈ ગયા બાદ પરત ન કરતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના ભાટ ફોર્ચ્યુન કોમ્પ્લેક્ષ સ્થિત વેલ રાઈડર નામની દુકાન ખોલી ગાડી ભાડે આપતા વેપારીનો જસ્ટ ડાયલના આધારે સંપર્ક કરી તેમની પાસેથી રૂ.૬ લાખની એકસયુવી કાર ૫ દિવસ માટે ભાડે લઈ ગયા હતા. પરંતુ આજ સુધી વેપારીને યુવકે ગાડી પરત કરી નથી. જેને પગલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ભાટ સ્થિત રાધે ફોર્ચ્યુનર કોમ્પ્લેક્ષમાં વેલ રાઈડર નામની ઓફિસ ખોલી ગાડી ભાડેથી આપવાનો વેપાર આનંદભાઈ ધનજીભાઈ પરમાર કરે છે. આનંદભાઈએ વર્ષ ૨૦૧૬ મોડલની એકસયુવી કાર નં.જી.જે.૦૯.બી.ડી.-૬૮૬૦ રૂ.૬ લાખમાં સેકન્ડ હેન્ડ ખરીદી કરી હતી. વેપારી અન્ય ગાડીની જેમ આ ગાડી પણ ભાડે આપતા હતા.ત્યારે ડિસેમ્બર માસમાં જસ્ટ ડાયલ પરથી નંબર લઈ આનંદભાઈ પર ફોન આવ્યો હતો. જેમાં સામેથી અભિકુમાર જનકભાઈ પટેલ (રહે.પટેલ ફળીયુ મુલદ સુરત) સંપર્ક કર્યો હતો અને ગાડી ભાડે આપવાની વાત કરી હતી. તા.૧૧ ડિસેમ્બરના રોજ રાત્રીના ૨ વાગે ફરીવાર અભિ પટેલે ફોન કરીને ઓફિસ ગયો હતો. જયાં ઓળખના પુરાવા આપી તા.૧૧ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૨ સુધી પાંચ દિવસ માટે ભાડે ગાડી લઈ ગયો હતો. આનંદભાઈને ગાડીના ભાડાના એડવાન્સ પેટે અભિ પટેલ નામના યુવકે ઓનલાઈન રૂ.૧૦ હજારની ચુકવણી કરી હતી.

ત્યારબાદ અભિ પટેલ ગાડી લઈ ગયો હતો. જો કે નિયત સમય બાદ પણ ગાડી પરત ન આવતા આનંદભાઈએ ફોન કરીને અભિને ગાડી આપી જવા જણાવ્યું હતું. પરંતુ તે ગાડી પાછી આપી ગયો ન હતો અને વાયદાઓ બતાવતો હતો.

ત્યારે આજદિન સુધી ગાડી પરત આપી ન જતા આખરે આનંદભાઈએ અડાલજ પોલીસ મથકે યુવક સામે ફરીયાદ નોંધાવી છે.

આર્યસમાજના સંસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીના ૨૦૦મા જન્મની દ્વિશતાબ્દીનો પ્રારંભ ભવ્ય રીતે થયો છે. આ અવસરે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ અને આર્ય સમાજના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.